# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૩૫ તા.૬-૨-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય : તા.28/2/2018 ના રોજ વિજ્ઞાનદિવસની ઊજવણી કરવા બાબત.**

આથી તમામ અપર પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, આઈ.આઈ.ટી.ગાંધીનગર દ્વારા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,અમદાવાદમાં સ્માર્ટ લર્નિંગ કાર્યક્રમ અંતર્ગત '' પ્રોજેક્ટ સ્પાર્ક '' ની પ્રવૃત્તિઓ ચાલી રહી છે.મ્યુનિ.સ્કૂલબોર્ડના તમામ સાયન્સ ટીચર્સને આઈ.આઈ.ટી. ગાંધીનગર ખાતે તાલીમ આપવામાં આવેલ છે. આઈ.આઈ.ટી.ના ફેકલ્ટીઝ આપણી શાળાઓમાં વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ માર્ગદર્શન પણ આપી રહ્યા છે.આપણી દરેક અપર પ્રાથમિક શાળામાં વિજ્ઞાન – ગણિત મંડળ સક્રિય રીતે ચાલી રહ્યા છે.ગણિત – વિજ્ઞાન મંડળ અંતર્ગત આપણે સૌએ કરેલી વિવિધ પ્રવૃત્તિઓના નિદર્શન સાથે તા.૨૮/૦૨/૨૦૧૮ ના રોજ વિજ્ઞાન દિવસ ઉજવવાનું નક્કી કરેલ છે.જે અંતર્ગત આપની શાળાએ નીચે દર્શાવેલ પ્રવુત્તિઓમાં સક્રિય ભાગ લેવાનો રહેશે.

## પ્રવૃત્તિ – ૧ : વર્કીંગ મોડેલ ડોક્યુમેન્ટરી

- આપની શાળામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ વર્કીંગ મોડેલની એક ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવવાની છે.આ માટે શાળાએ તૈયાર કરેલ વર્કીંગ મોડેલની બે દિવસમાં એક સ્ક્રિપ્ટ તૈયાર કરીને તમારી શાળામાં આવતા સાયન્સના કોર ટીમ મેમ્બરને એપ્રુવ કરાવાની રહેશે.
- કોરટીમ મેમ્બર જણાવે ત્યારે તમારી શાળાના શિક્ષકશ્રીએ વર્કીંગ મોડેલ અને જે તે વિદ્યાર્થી સાથે વિડિઓ શુટીંગ માટે ઉપસ્થિત રહેવા જણાવવું.
- સાયન્સના કોરટીમ મેમ્બરે આ માહિતી ઝોન સુપરવાઇઝરશ્રીના પરામર્શનમાં રહી તા.૦૭/૦૨/૨૦૧૮ ના રોજ ઝોન સમરી કરી સુપરવાઇઝરશ્રી સ્નેહલબેન મોદીને નીચે આપેલ <u>એક્સેલ શીટમાં, શ્રુતી ફોન્ટમાં</u> મેઈલ કરવાની રહેશે.

| ઝોનનું નામ | ક્રમ | શાળાનું નામ | વિધાર્થીનું નામ | મોડેલનું નામ | સિદ્ધાંત | સાધન-સામગ્રી | માર્ગદર્શક શિક્ષકનું નામ અને સંપર્ક નંબર | કોર ટીમ સભ્યનું નામ અને સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

## પ્રવૃત્તિ – ૨ : વિદ્યાર્થીઓ દ્વારા પ્રત્યક્ષ મોડેલ નિર્માણ

- દરેક શાળામાંથી ઓછામાં ઓછા એક વિદ્યાર્થીએ તા.૨૮/૦૨/૨૦૧૮ ના રોજ પ્રદર્શન સ્થળે બે કલાકના સમયમાં એક વર્કીંગ મોડેલનું નિર્માણ કરવાનું રહેશે.આ માટે એક માર્ગદર્શક શિક્ષક નક્કી કરવાના રહેશે.
- વર્કીંગ મોડેલ નિર્માણ માટે વિદ્યાર્થીને શાળા કક્ષાએ માર્ગદર્શક શિક્ષક દ્વારા જરૂરી સામગ્રી ઉપલબ્ધ કરાવીને પુરતુ માર્ગદર્શન અને મહાવરો આપવાનો રહેશે.
- વર્કીંગ મોડેલ નિર્માણ માટે પ્રદર્શન સ્થળે જરૂરી તમામ સામગ્રી શાળાએ ( માર્ગદર્શક શિક્ષકે ) લઈને આવવાની રહેશે.

- આ માટે દરેક કોર ટીમ સભ્યએ સત્વરે તેમના જૂથની શાળાઓના વિજ્ઞાન શિક્ષકો સાથે મીટીંગ યોજી ડુપ્લીકેશન ન થાય તે રીતે શાળાદીઠ એક વિદ્યાર્થી મોડેલ સુનિશ્ચિત કરવાનું રહેશે.
- આ માટે કોર ટીમ સભ્યએ નીચે મુજબ માહિતી તૈયાર કરી જે-તે ઝોન દીઠ સમરી કરી સુપરવાઇઝરશ્રી રાધાબેન યાદવને ઈ-મેઈલ કરવાની રહેશે.

| ઝોનનું નામ | ક્રમ | શાળાનું નામ | વિધાર્થીનું નામ | મોડેલનું નામ | સિદ્ધાંત | સાધન-સામગ્રી | માર્ગદર્શક શિક્ષકનું નામ અને સંપર્ક નંબર | કોર ટીમ સભ્યનું નામ અને સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|---|---|

**પ્રવૃત્તિ – 3: ગણિત વિજ્ઞાન કોર્નરમાં પ્રદર્શિત શ્રેષ્ઠ સામગ્રીનું પ્રદર્શનમાં ડિસ્પ્લે**

- દરેક શાળા ખાતે ગણિત વિજ્ઞાન કોર્નરમાં પ્રદર્શિત સામગ્રી પૈકી કોઈપણ એક શ્રેષ્ઠ સામગ્રીને તા.૨૮/૦૨/૨૦૧૮ ના રોજ યોજાનાર પ્રદર્શનમાં ડિસ્પ્લે કરવાની રહેશે.
- તમારી શાળામાંથી કઈ સામગ્રી પ્રદર્શન સ્થળે ડિસ્પ્લે કરવાના છો તેની વિગત કોર ટીમ સભ્યને જણાવવી.
- કોર ટીમ સભ્ય એ નીચે મુજબની માહિતી ઝોન સુપરવાઇઝરશ્રીના પરામર્શનમાં રહી ઝોન સમરી કરી સુપરવાઇઝરશ્રી રાધાબેન યાદવને ઈ-મેઈલ કરવાની રહેશે. (શાળા દીઠ એક)

| ઝોનનું નામ | ક્રમ | શાળાનું નામ | વિધાર્થીનું નામ | DISPLAY - મોડેલનું નામ | સિદ્ધાંત | સાધન-સામગ્રી | માર્ગદર્શક શિક્ષકનું નામ અને સંપર્ક નંબર | કોર ટીમ સભ્યનું નામ અને સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|---|---|

**પ્રવૃત્તિ – ૪ : શિક્ષક નિર્મિત મોડેલ ડિસ્પ્લે**

- વિજ્ઞાન વિષય શીખવતા શાળાના તમામ શિક્ષકોએ તા.૨૮/૦૨/૨૦૧૮ ના રોજ પોતે બનાવેલ એક કૃતિ/મોડેલ/સાધન/ગેમને પ્રદર્શન ખાતે ફરજિયાત ડિસ્પ્લે કરવું.
- આ કૃતિ/મોડેલ/સાધન/ગેમ અગાઉ ક્યાંય પ્રદર્શિત ન થયા હોય તેનું ખાસ ધ્યાન રાખવું.
- વિજ્ઞાન વિષયક સંકલ્પનાઓ/તથ્યો/નિયમો/ઉપયોગિતાઓ આધારિત કૃતિ/મોડેલ/સાધનનું ડુપ્લીકેશન ન થાય તેની ખાસ કાળજી રાખવી.
- કોર ટીમ સભ્ય એ નીચે મુજબની માહિતી ઝોન સુપરવાઇઝરશ્રીના પરામર્શનમાં રહી ઝોન સમરી કરી સુપરવાઇઝરશ્રી જયદેશભાઈ દુબેને ઈ -મેઈલ કરવાની રહેશે.

| ઝોનનું નામ | ક્રમ | શાળાનું નામ | શિક્ષકનું નામ અને સંપર્ક નંબર | કૃતિ/મોડેલ/સાધન/ગેમ નું નામ | સિદ્ધાંત | સાધન-સામગ્રી | કોર ટીમ સભ્યનું નામ અને સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|---|

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પ્રવૃત્તિ – ૫ : ગણિત વિજ્ઞાન કોર્નરમાં પ્રદર્શિત ગણિતની શ્રેષ્ઠ સામગ્રીનું પ્રદર્શનમાં ડિસ્પ્લે**

- દરેક શાળા ખાતે ગણિત વિજ્ઞાન કોર્નરમાં પ્રદર્શિત સામગ્રી પૈકી **ગણિત**ની કોઈપણ એક શ્રેષ્ઠ સામગ્રીને તા.૨૮/૦૨/૨૦૧૮ ના રોજ યોજાનાર પ્રદર્શનમાં ડિસ્પ્લે કરવાની રહેશે.
- તમારી શાળામાંથી ગણિતની કઈ સામગ્રી પ્રદર્શન સ્થળે ડિસ્પ્લે કરવાના છો તેની વિગત કોર ટીમ સભ્યને જણાવવી.
- કોર ટીમ સભ્યએ નીચે મુજબની માહિતી ઝોન સુપરવાઇઝરશ્રીના પરામર્શનમાં રહી ઝોન સમરી કરી સુપરવાઇઝરશ્રી રાજેશભાઈ આમલિયાર ને ઈ -મેઈલ કરવાની રહેશે.

| ઝોનનું નામ | ક્રમ | શાળાનું નામ | વિધાર્થીનું નામ | DISPLAY - મોડેલ/પ્રવૃત્તિનું નામ | ઉપયોગ | માર્ગદર્શક શિક્ષકનું નામ અને સંપર્ક નંબર | કોર ટીમ સભ્યનું નામ અને સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|---|

**પ્રવૃત્તિ – ૬ : અંક**

- તમારી શાળામાં 'સાયન્સ-મેથ્સ ક્લબ' અંતર્ગત વિવિધ અંકો બનાવવામાં આવેલ હશે.જેમાંથી દરેક કોર ટીમ સભ્યએ તેમના જૂથની શાળાઓમાંથી ૩ શ્રેષ્ઠ અંક પસંદ કરવા.
- વિદ્યાર્થીઓએ કરેલા સંકલનને સારા કાગળ ઉપર ચોંટાડીને,યોગ્ય શીર્ષક આપીને,થીમ આધારિત વર્ગીકૃત કરીને સુપરવાઇઝરશ્રી દિપકભાઇ મુખર્જીના માર્ગદર્શન હેઠળ બાઈન્ડીંગ કરાવવા.
- પસંદ થયેલા શ્રેષ્ઠ વિશિષ્ટ અંકોનું વિમોચન તા.૨૮/૦૨/૨૦૧૮ ના રોજ પ્રદર્શન સ્થળે કરવામાં આવશે.
- કોરટીમ મેમ્બરે નીચે મુજબની માહિતી ઝોન સુપરવાઇઝરશ્રીના પરામર્શનમાં રહી ઝોન સમરી કરી સુપરવાઇઝરશ્રી દિપકભાઇ મુખર્જીને ઈ-મેઈલ કરવાની રહેશે.

| ઝોનનું નામ | ક્રમ | શાળાનું નામ | અંકનો વિષય | માર્ગદર્શક શિક્ષકનું નામ અને મો. નંબર | કોર ટીમ સભ્યનું નામ અને સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|

**પ્રવૃત્તિ – ૭ : વિજ્ઞાન અને ગણિત વિષય આધારિત ક્વિઝ**

- તા.૨૮/૦૨/૨૦૧૮ ના રોજ પ્રદર્શન સ્થળે ધોરણ – ૬ થી ૮ વિજ્ઞાન અને ગણિતના (બન્ને સત્ર) અભ્યાસક્રમ આધારિત ક્વિઝ યોજવામાં આવશે.
- ચાર ઉત્તરવિકલ્પવાળા પ્રશ્નો, ઉત્તરવિકલ્પ વગરના પ્રશ્નો,બઝર રાઉન્ડ,ઓડિયો રાઉન્ડ,વિઝ્યુલ રાઉન્ડ વગેરે જેવા પ્રકારે ક્વિઝ માટે વિદ્યાર્થીઓને શાળા કક્ષાએ તૈયાર કરવા.
- દરેક શાળામાંથી બે – બે વિદ્યાર્થીઓની ટીમ તૈયાર કરવી.આ ટીમ માર્ગદર્શક શિક્ષક સાથે પ્રદર્શન સ્થળે ઉપસ્થિત રાખવી.
- ૨૭૪ અપર પ્રાયમરી શાળાઓ * ૨ વિદ્યાર્થીઓની એક ટીમને સીલેક્શન રાઉન્ડ રમાડવામાં આવશે.આ રાઉન્ડને અંતે દરેક ઝોનમાંથી એક એક ટીમ ક્વિઝ રમવા માટે પસંદ કરવામાં આવશે.
- તમારી શાળાના પસંદ કરેલા બે વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકની વિગત નીચે મુજબ

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

- કોર ટીમ સભ્યને દિન – ૨ માં આપવી.
- કોર ટીમ સભ્યએ નીચે મુજબની માહિતી ઝોન સુપરવાઇઝરશ્રીના પરામર્શનમાં રહી ઝોન સમરી કરી ઈ-ચાર્જ મદદનીશ શાસનાધિકારીશ્રી પ્રજ્ઞાબેન પંડ્યાને ઈ -મેઈલ કરવાની રહેશે.

| ઝોનનું નામ | ક્રમ | શાળાનું નામ | વિધાર્થીના નામ | માર્ગદર્શક શિક્ષકનું નામ અને સંપર્ક નંબર | કોર ટીમ સભ્યનું નામ અને સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|

**બીડાણ – દરેક ઉચ્ચ પ્રાથમિક શાળાએ ભરવાનું પત્રક**

તા.૬-૨-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

પત્રક

શાળાનું નામ : ઝોન : મુખ્યશિક્ષકનું નામ : મો. નં :

| પ્રવૃત્તિ | પ્રવૃત્તિનું નામ | ક્રમ | વિદ્યાર્થીનું નામ | કૃતિ/મોડેલ/સાધન/ગેમ નું નામ/DISPLAY - મોડેલ/પ્રવૃત્તિનું નામ | શિક્ષકનું નામ અને સંપર્ક નંબર | સિદ્ધાંત | ઉપયોગ | વિષય | સાધન-સામગ્રી | માર્ગદર્શક શિક્ષકનું નામ અને સંપર્ક નંબર | કોર ટીમ સભ્યનું નામ અને સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વર્કીંગ મોડેલ ડોક્યુમેન્ટરી | ૧ | | | - | | - | - | | | |
| ૨ | વિદ્યાર્થીઓ દ્વારા પ્રત્યક્ષ મોડેલ નિર્માણ | ૧ | | | - | | - | - | | | |
| ૩ | ગણિત વિજ્ઞાન કોર્નરમાં પ્રદર્શિત શ્રેષ્ઠ સામગ્રીનું પ્રદર્શનમાં ડિસ્પ્લે | ૧ | | | - | | - | - | | | |
| ૪ | શિક્ષક નિર્મિત મોડેલ ડિસ્પ્લે | ૧ | - | | | | - | - | | - | |
| ૫ | ગણિત વિજ્ઞાન કોર્નરમાં પ્રદર્શિત ગણિતની શ્રેષ્ઠ સામગ્રીનું પ્રદર્શનમાં ડિસ્પ્લે | ૧ | | | - | - | | - | | | |
| ૬ | અંક | ૧ | - | - | - | - | - | | - | | |
| ૭ | વિજ્ઞાન અને ગણિત વિષય આધારિત ક્વિઝ | ૧ | | - | - | - | - | - | - | | |
| | | ૨ | | - | - | - | - | - | - | | |